Sardar Patel Education Foundation Trust Sanchalit Ph. No. : 02744-220500

# D.N.P. ARTS & COMMERCE COLLEGE, DEESA

Nr. Kachchhi Collony, Deesa, Ta.Deesa, Dist.Banaskantha (North Gujarat-385535)
Website : www.spefdeesacolleges.org Mail ID : deesacollege@yahoo.in

## ડીસા કોલેજમાં જિલ્લા કક્ષાના "નશામુક્ત ભારત અભિયાન" ની ઉજવણી બાબતે

તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ડીસાના પ્રાંગણમાં **તા. 30 અને 31 જુલાઈ, 2026**ના રોજ જિલ્લા કક્ષાના **"નશામુક્ત ભારત અભિયાન"** ઉજવણીમાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. દરેક સ્પર્ધામાં 1 થી 3 નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ અને ઇનામ આપી સન્માનિત કરવામાં આવશે. તેમજ પ્રથમ નંબર પ્રાપ્ત કરનારને રાજ્ય કક્ષાએ ભાગ લેવાની તક મળશે. દરેક સ્પર્ધાનો વિષય "નશો નાશનું મૂળ" રહેશે.

**સ્પર્ધાની તારીખ અને વિગતે માહિતી નીચે મુજબ છે.**

### તા. 30/07/2026 ના રોજ યોજાનાર સ્પર્ધાઓ :

1) ચિત્ર સ્પર્ધા
2) ચર્ચા/વક્તૃત્વ
3) શોર્ટ ફિલ્મ/રીલ સ્પર્ધા
4) સ્લોગન લેખન - ભાષા હિન્દી
5) સ્લેમ કવિતા

### તા. 31/07/2026 ના રોજ યોજાનાર સ્પર્ધાઓ

1) સંગીત (લોકગીતો)
2) ડાન્સ
3) નુક્કડ નાટક/માઇમ એક્ટ્સ

**ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું છે,**
**જેની લિન્ક NSS વિભાગ પાસેથી મેળવી લેવી.**

**વધુ માહિતી માટે તા.૨૩,૨૪,૨૫ જુલાઇ ૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ વાગ્યે NSS વિભાગમાં મળવું.**

D. N. P. Arts & Commerce College DEESA (B. K.)

23/7/26

Principal
D. N. P. Arts & Commerce College
DEESA, Dist. Banaskantha
North Gujarat, PIN : 385535

जिला युवा अधिकारी
माय भारत केन्द्र - बनासकांठा / वाव-थराद
युवा कार्यक्रम और खेल मंत्रालय
भारत सरकार
District Youth Officer
MY Bharat Kendra - Banaskantha / Vav-Tharad
Ministry of Youth Affairs & Sports
Government of India

Ref. No. : NASHA MUKTA BHARAT/2026-27/55    Date : २२/७/२६

પ્રતિશ્રી,

-------------------------------

-------------------------------

-------------------------------

**વિષય : નશા મુક્ત ભારત કાર્યક્રમનો તારીખ બદલવા અંગે...**

સવિનય જયભારત સહ જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા જીલ્લા કક્ષાએ નશા મુક્ત ભારત કાર્યક્રમનું આયોજન તા. ૨૪-૦૭-૨૦૨૬ થી તા. ૨૫-૦૭-૨૦૨૬ સુધી આયોજન કરેલ હતું. પણ વહીવટી કારણોસર જે નીચે જણાવેલ તારીખો ૩૦/૭/૨૬ થી ૩૧/૭/૨૬ સુધી નીચે જણાવેલા સ્થળે આયોજન કરેલ છે, જેની સર્વે ભાગ લેનાર સ્પર્ધકોએ નોંધ લેવી. તેમજ આયોજન કર્તાઓએ નોંધ લેવી.

કાર્યક્રમનું સ્થળ : ડી. એન. પી. આર્ટ્સ કોલેજ ડીસા

કાર્યક્રમની તારીખ : ૩૦/૭/૨૬ થી ૩૧/૭/૨૬

વધુ માહિતી નીચે જણાવેલ નંબરો ઉપર સંપર્ક કરવો.

(૧) ૮૫૦૪૦ ૪૪૧૯૩

(૨) ૯૭૨૫૬ ૬૨૯૫૨

(૩) ૯૮૭૯૦ ૭૦૭૪૫

જીલ્લા યુવા અધિકારી
DISTRICT YOUTH OFFICER
MY BHARAT-GOVT. OF INDIA
BANASKANTHA DISTRICT, PALANPUR

जिला कार्यालय : प्रथम तल, चोकसी ब्लोक, गंज बाजार के सामने, मु.पो. पालनपुर, जिला - बनासकांठा, गुजरात - ३८५००१
District Office : First Floor, Choksi Block, Opp. Ganj Bazar, At. & Po. Palanpur, District - Banaskantha, Gujarat - 385001.
E-mail : mybharatpalanpur@gmail.com

जिला युवा अधिकारी
माय भारत केन्द्र - बनासकांठा / वाव-थराद
युवा कार्यक्रम और खेल मंत्रालय
भारत सरकार
District Youth Officer
MY Bharat Kendra - Banaskantha / Vav-Tharad
Ministry of Youth Affairs & Sports
Government of India

Ref. No. : NASHA MUKTA BHARAT/2026-27/56

Date : 22/7/25

પ્રતિશ્રી,

--------------------------------

--------------------------------

--------------------------------

**વિષય : નશા મુક્ત ભારત કાર્યક્રમ બાબતે...**

મે. સાહેબશ્રી,

સવિનય જયભારત સહ આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા જીલ્લા કક્ષાએ નશા મુક્ત ભારત કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં વિવિધ પ્રકારની હરીફાઈઓમાં ભાગ લેવા ઈચ્છતા યુવા કલાકારોએ દરેક સ્પર્ધાના નિતિ નિયમો મુજબ માય ભારત - પાલનપુર ખાતે તા. ૨૩-૦૭-૨૦૨૫ થી લિન્ક ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનું રહેશે.

જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન નીચે મુજબ રાખેલ છે :

(૧) વકતૃત્વ હરીફાઈ (નશા મુક્ત ભારત)

(૨) ચિત્રકલા પોસ્ટર હરીફાઈ (નશા મુક્ત ભારત)

(૩) મ્યુઝિક કોમ્પીટીશન (નશા મુક્ત ભારત)

(૪) નુક્કડ નાટક (નશા મુક્ત ભારત)

(૫) ડાન્સ હરીફાઈ (નશા મુક્ત ભારત)

(૬) યુવા કાવ્ય લેખન, ગાન હરીફાઈ (નશા મુક્ત ભારત)

(૭) સ્લોગન હરીફાઈ (નશા મુક્ત ભારત)

(૮) શોર્ટ ફિલ્મ (નશા મુક્ત ભારત)

**નોંધ :** કાર્યક્રમના સ્થળે પ્રતિભાગીઓએ સ્વખર્ચે સમયસર પહોંચવાનું રહેશે. ચા-પાણી, નાસ્તાની આયોજન વ્યવસ્થા કરેલ છે.

**બિડાણ :** નશા મુક્ત ભારત કાર્યક્રમના વિવિધ હરીફાઈના નિયમો

DISTRICT YOUTH OFFICER
MY BHARAT GOVT. OF INDIA
BANASKANTHA DISTRICT PALANPUR

जिला कार्यालय : प्रथम तल, चोकसी ब्लोक, गंज बाजार के सामने, मु.पो. पालनपुर, जिला - बनासकांठा, गुजरात - ३८५००१
District Office : First Floor, Choksi Block, Opp. Ganj Bazar, At. & Po. Palanpur, District - Banaskantha, Gujarat - 385001.
E-mail : mybharatpalanpur@gmail.com

## (૧) વકતૃત્વ હરીફાઈ : (નશા મુકત ભારત)

વિષય : નશા મુક્ત ભારત

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિભાગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

શરતો :

(૧) આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે બહુમુખી પ્રતિભાવાળા, ઉત્તમ વકતા, તિક્ષ્ણ બુદ્ધીવાળા યુવાનો/યુવતિઓ/યુવા કલાકારો ભાગ લઈ શકશે.

(૨) બનાસકાંઠા જીલ્લાના નિવાસી ફરજીયાત હોવો જરૂરી છે. તે માટે પોતાનું સ્થાનિક પુરાવા માટે આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો નોંધણી ફોર્મમાં લગાવવો ફરજીયાત છે.

(૩) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

(૪) આ કાર્યક્રમમાં વકતૃત્વ હરીફાઈમાં વધુમાં વધુ ૮ થી ૧૦ મીનીટ સુધી વકતવ્ય આપવાનું રહેશે.

(૫) તમામ હરીફાઈમાં ભાગ લેનાર વિજેતા સ્પર્ધકો પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્પર્ધકોને રોકડ ઈનામ અને સર્ટીફીકેટ તેમજ ટ્રોફીથી સન્માનવામાં આવશે.

(૬) વકતૃત્વ હરીફાઈમાં વકતવ્ય આપનાર સ્પર્ધકોને હિન્દી અથવા અંગ્રેજીમાં બોલવાનું ફરજીયાત રહેશે.

(૭) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ સ્પર્ધકને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૮) અંતિમ નિર્ણય નિર્ણાયકો દ્વારા આપવામાં આવશે. જેને માન્ય ગણી પડકારી શકાશે નહીં.

...3

## (૨) ચિત્રકલા પોસ્ટર હરીફાઈ : (નશા મુક્ત યુવા ફોર વિકસીત ભારત) (રંગો સે સંદેશ સ્વચ્છ ભારત કી ઓર)

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિભાગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

(૧) નશા મુક્ત ભારત અને રાષ્ટ્રીય એકતા જળવાઈ રહે તેમજ વ્યસન મુક્તિનો સંદેશ લોકોને પહોંચે તે પ્રકારનું ચિત્ર દોરવાનું રહેશે.

(૨) સ્પર્ધકોએ વિષય આધારીત જેમકે, ડ્રગ્સ મુક્ત ભવિષ્ય, સ્વસ્થ મન, સ્વસ્થ શરીર, વ્યસન મુક્ત જીવન જેવા વિષય આધારીત ચિત્ર પોસ્ટર તૈયાર કરવાનું રહેશે.

(૩) તમામ વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિયને સરકારશ્રીના નિયમાનુસાર ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

(૪) આ સ્પર્ધામાં ૧૨૦ મીનીટનો સમય રહેશે. ૫૦ શબ્દોમાં ચિત્રનું ટાઈટલ લખવાનું રહેશે.

(૫) ચિત્રકલાની સ્પર્ધા માટે ડ્રોઈંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.

(૬) જરૂરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે. સ્થળ ઉપર દોરવામાં આવેલા ચિત્રોને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૭) જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી છેલ્લા સમય સુધી સ્પર્ધકે રોકાવાનું રહેશે.

(૮) નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૯) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્પર્ધકોને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૧૦) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

...૪

---

## (૩) મ્યુઝિક કોમ્પીટીશન : (નશા મુકત ભારત)

---

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિયોગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

(૧) મ્યુઝિક કોમ્પીટીશનમાં મહત્તમ ૮ થી ૧૦ યુવા અથવા યુવતિ / યુવા કલાકારો ભાગ લઈ શકશે.

(૨) નશા મુક્ત ભારત આ વિષયને ધ્યાનમાં રાખી મ્યુઝિક કોમ્પીટીશનમાં ભાગ લેવાનું રહેશે.

(૩) તમામ વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિયને સરકારશ્રીના નિયમાનુસાર ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

(૪) આ સ્પર્ધામાં ૩ થી ૫ મીનીટનો સમય રહેશે.

(૫) જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી છેલ્લા સમય સુધી સ્પર્ધકે રોકાવાનું રહેશે.

(૬) રજુઆતમાં ઈલેકટ્રોનિક વાદ્યોનો પ્રયોગ કરી શકાશે.

(૭) નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૮) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ સ્પર્ધકને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૯) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

...૫

જીલ્લા યુવા અધિકારી * મેરા યુવા ભારત-બનાસકાંઠા જિલ્લો * મુ. પાલનપુર

## (૪) નુક્કડ નાટક (નશા મુક્ત ભારત)

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિભાગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

(૧) આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે બહુમુખી પ્રતિભાવાળા, ઉત્તમ વકતા, તિક્ષ્ણ બુદ્ધીવાળા યુવાનો/યુવતિઓ/યુવા કલાકારો ભાગ લઈ શકશે.

(૨) આ કાર્યક્રમમાં નુક્કડ નાટકના યુવા કલાકારો હરીફાઈમાં ૫ થી ૧૦ મીનીટ સુધી પોતાની કૃતિ રજુ કરી શકશે. ઓછામાં ઓછા ૮ થી ૧૦ વ્યક્તિ ગૃપમાં હોવા જોઈએ. નુક્કડ નાટકમાં સાધન સામગ્રી ગૃપને લાવવાની રહેશે.

(૩) નુક્કડ નાટક હિન્દી અથવા અંગ્રેજીમાં રજુ કરવાની રહેશે / નુક્કડ નાટકને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટુંકમાં ભાવાર્થ રજુ કરવાનો રહેશે. નુક્કડ નાટક દ્વારા વ્યસન મુક્તિનો સંદેશ સમાજને પહોંચવો જોઈએ.

(૪) રાષ્ટ્ર ભક્તિ, શૌર્ય ઋતુ આધારીત અને રાષ્ટ્રીય એકતા અને એકાત્મકતા અને વ્યસન મુક્ત યુવા, તંદુરસ્ત ભારતના વિષયને સાંકળી લેવાનું રહેશે.

(૫) તમામ વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિયને સરકારશ્રીના નિયમાનુસાર ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

(૭) નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૮) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્પર્ધકોને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૯) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

## (૫) ડાન્સ હરીફાઈ : (નશા મુક્ત ભારત)

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિભાગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

(૧) આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે બહુમુખી પ્રતિભાવાળા, તિક્ષ્ણ બુદ્ધીવાળા યુવાનો/યુવતિઓ/યુવા કલાકારો ભાગ લઈ શકશે.

(૨) આ કાર્યક્રમમાં નશા મુક્ત ભારત વિષય અંતર્ગત ડાન્સના યુવા કલાકારો હરીફાઈમાં ૪ થી ૮ મીનીટ સુધી પોતાની કૃતિ રજુ કરી શકશે.

(૩) ડાન્સ હરીફાઈને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટુંકમાં ભાવાર્થ રજુ કરવાનો રહેશે. ડાન્સ હરીફાઈ સમાજની રીતે પોષક હોવી જરૂરી છે.

(૪) નશા મુક્ત યુવા ફોર વિકસીત ભારત વિષયને ધ્યાનમાં લઈ રાષ્ટ્ર ભક્તિ, શૌર્ય ઋતુ આધારીત અને રાષ્ટ્રીય એકતા અને એકાત્મકતાના વિષયને સાંકળી લેવાનું રહેશે.

(૫) તમામ વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિયને સરકારશ્રીના નિયમાનુસાર ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

(૬) નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૭) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્પર્ધકોને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૮) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

...૭

જિલ્લા યુવા અધિકારી
મુ. પાલનપુર
ઉત્તર ગુજરાત-બનાસકાંઠા જિલ્લો



## (૭) સ્લોગન હરીફાઈ : (નશા મુક્ત ભારત)

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિભાગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

(૧) આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે બહુમુખી પ્રતિભાવાળા યુવાનો/યુવતિઓ/યુવા કલાકારો ભાગ લઈ શકશે.

(૨) આ કાર્યક્રમમાં ૨૦ થી ૩૦ શબ્દોમાં સુત્ર (સ્લોગન) નશા મુક્ત ભારત અંતર્ગત હોવું જોઈએ. તેમજ હસ્ત લિખિત હોવું જોઈએ.

(૩) સ્લોગન હિન્દી અથવા અંગ્રેજીમાં રજુ કરવાનો રહેશે.

(૪) નશા મુક્ત ભારત ફોર વિકસીત ભારત અંતર્ગત રાષ્ટ્ર ભક્તિ આધારીત અને રાષ્ટ્રીય એકતા અને એકાત્મકતાના વિષયને સાંકળી લેવાનું રહેશે.

(૫) તમામ વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિયને સરકારશ્રીના નિયમાનુસાર ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

(૬) નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૭) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્પર્ધકોને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૮) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

...૯

## (૮) શોર્ટ ફિલ્મ હરીફાઈ : (નશા મુકત ભારત)

* નોંધ : આ કાર્યક્રમમાં ઓનલાઈન લિન્ક ઉપર રજીસ્ટ્રેશન કરેલ હશે, જે પ્રતિભાગી માય ભારત પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન ફરજીયાત હોવો જરૂરી છે.

(૧) આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે બહુમુખી પ્રતિભાવાળા, ઉત્તમ વકતા, તિક્ષ્ણ બુદ્ધીવાળા યુવાનો/યુવતિઓ/યુવા કલાકારો ભાગ લઈ શકશે.

(૨) આ કાર્યક્રમમાં કલાકારોએ નશા મુક્ત ભારત વિષય અંતર્ગત શોર્ટ ફિલ્મમાં ૩૦ સેકન્ડ થી ૯૦ સેકન્ડ સુધી પોતાની કૃતિ રજુ કરી શકશે.

(૩) શોર્ટ ફિલ્મ મોબાઈલમાં બનાવવાની રહેશે. જે ૨૦૦ એમબી સુધી હોવી જોઈએ.

(૪) કોઈપણ ગેરમાર્ગે દોરનારી અથવા ચોરી કરેલી (કોપીરાઈટ) તે અમાન્ય ઠરાવવામાં આવશે જેની નોંધ લેવી.

(૫) એન્ટ્રીઓ તમાકુ, દારૂ અથવા કોઈપણ વ્યસન માદક પદાર્થને પ્રોત્સાહન આપતી એન્ટ્રી ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૬) પરવાનગી વિના કોપીરાઈટ કરેલા સંગીત, દ્રશ્યો (ચિત્રો) અને સામગ્રીનો ઉપયોગ પ્રતિબંધીત છે.

(૭) તમામ વિજેતા સ્પર્ધકોને પ્રથમ, દ્વિતિય અને તૃતિયને સરકારશ્રીના નિયમાનુસાર ટ્રોફી, પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

(૮) નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૯) જીલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ અને દ્વિતિય સ્પર્ધકોને રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનું રહેશે.

(૧૦) તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

**બિડાણ :**

૧. જીલ્લા કક્ષાની હરીફાઈમાં ભાગ લેવા માટેનું અરજી પત્રક

૨. કૃતિ સ્પર્ધાના નિયમો

૩. અખબારી યાદી

DISTRICT YOUTH OFFICER
MY BHARAT-GOVT. OF INDIA
BANASKANTHA DISTRICT, PALANPUR
જીલ્લા યુવા અધિકારીશ્રી
માય ભારત, પાલનપુર.